# અનુસંધાન ... પાના પહેલાનું

## રિઝર્વ બેંકે 4...

નિયંત્રિત કરવા અને મજબૂત સ્થાનિક આર્થિક વિકાસને જાળવી રાખવા વચ્ચેનું એક સંતુલન દર્શાવે છે. બેંકે જણાવ્યું કે વ્યાજ દરોમાં વધારાના આ ચક્રનો સમયગાળો અને વ્યાપ વાસ્તવિક વિકાસ દર અને મોંઘવારીના પરિણામો પર આધાર રાખશે.

**ફુગાવાના અંદાજમાં મામૂલી વધારો**

ભારતમાં ઓગસ્ટ મહિનામાં છૂટક મોંઘવારી દર વધીને 4.82 ટકા થયો હતો, જે સતત ત્રીજા મહિને આરબીઆઈના 4 ટકાના મધ્યમ ગાળાના લક્ષ્યાંકથી ઉપર રહ્યો હતો, જ્યારે મુખ્ય ફુગાવો વધીને 4.2 ટકા થયો હતો. ખાદ્ય ચીજો અને ઇંધણના ભાવમાં વધારો, અપૂરતો વરસાદ, અલ નીનો અને આંતરરાષ્ટ્રીય ક્રૂડ ઓઈલના ભાવમાં અસ્થિરતાને કારણે મોંઘવારીનું જોખમ વધ્યું છે. ચાલુ નાણાકીય વર્ષ માટે છૂટક ફુગાવાનો અંદાજ 5 ટકાથી નજીવો વધારીને 5.2 ટકા કરવામાં આવ્યો છે. પશ્ચિમ એશિયાના તણાવ વચ્ચે સપ્ટેમ્બરમાં ઈન્ડિયન ક્રૂડ બાસ્કેટનો સરેરાશ ભાવ બેરલ દીઠ 116.1 ડોલર રહ્યો હતો, જે જુલાઈમાં 82 ડોલર હતો.

## 'વી વિલ ડુ ઈટ':...

25 વર્ષ પૂર્ણ કરવાના ઐતિહાસિક અવસરે યોજાયેલા આ કાર્યક્રમમાં વડા પ્રધાને દેશના વિકાસ માટે એકતા પર ભાર મૂક્યો હતો અને ચૂંટણીઓ દરમિયાન થતા જાતિવાદી વિભાજનને દેશના વિકાસ માટે સૌથી મોટો પડકાર ગણાવ્યો હતો. પોતાના સંબોધનમાં વડા પ્રધાને દેશવાસીઓમાં નવો ઉત્સાહ પૂરતા આહ્વાન કર્યું કે, 'આજે 2026માં આપણે વિકસિત ભારતનું જે સ્વપ્ન જોઈ રહ્યા છીએ તે ચોક્કસપણે સાકાર થશે. હવે ભારતને રોકાવાનું કોઈ કારણ નથી. સો વર્ષ પહેલાં આપણે 40 કરોડથી પણ ઓછા હતા, જ્યારે આજે 140 કરોડથી વધુ છીએ. આ 140 કરોડ નાગરિકો ભેગા મળીને 2047 સુધીમાં વિકસિત ભારતનું નિર્માણ કરશે, અને આપણે તે ચોક્કસપણે કરીશું - 'વી વિલ ડુ ઈટ!' રાજકીય વિભાજન સામે ચેતવણી આપતા તેમણે કહ્યું કે વોટબેંકના સ્વાર્થ માટે અંદરોઅંદરના ભેદભાવ દેશની પ્રગતિમાં મોટો અવરોધ છે. જ્યારે કોઈ ખેડૂતના ખેતરને પાણી નથી મળતું કે વીજળી જાય છે, ત્યારે તે સમસ્યા કે અંધારું કોઈ એક ચોક્કસ જાતિ કે સમુદાય પૂરતું મર્યાદિત નથી હોતું. જો સમસ્યા સહુની છે, તો ઉકેલ પણ સહુ માટે હોવો જોઈએ. ભારતમાં પડકારો ચોક્કસ છે, પરંતુ આપણી પાસે 140 કરોડ ઉકેલો પણ છે.

## નરેન્દ્ર મોદીએ...

ભજવી છે." અગાઉ, સરકારના વડા તરીકે 25 વર્ષ પૂરા થવાના પ્રસંગે 'વિકસિત ભારત સંકલ્પ સભા'ને સંબોધિત કરતાં મોદીએ એક સૂત્ર આપ્યું - "અમે તે કરીશું" - અને દાવો કર્યો કે ભારત 2047 સુધીમાં વિકસિત દેશ બની જશે, પરંતુ ચૂંટણી દરમિયાન જાતિવાદી વિભાજનને એક મોટો પડકાર ગણાવ્યો હતો.

## મોદીને વૈશ્વિક નેતાઓ...

આત્મવિશ્વાસ જગાડ્યો છે. ફિલિપાઈન્સના રાષ્ટ્રપતિ બોંગબોંગ માર્કોસે સુશાસન અને ટેક્નોલોજી દ્વારા ભારતના રૂપાંતરણની પ્રશંસા કરી અને નવેમ્બરમાં મનિલા ખાતે એશિયન-ઈન્ડિયા સમિટમાં પીએમ મોદીનું સ્વાગત કરવાની આશા વ્યક્ત કરી હતી. બેલ્જિયમના વડા પ્રધાન બાર્ટ ડિ વ્યુવરે ગુજરાતથી નવી દિલ્હી સુધીના 25 વર્ષના સતત નેતૃત્વ બદલ અભિનંદન પાઠવ્યા હતા. આ ઉપરાંત નેપાળના વડા પ્રધાન બાલેન્દ્ર શાહ, નાઈજીરિયાના રાષ્ટ્રપતિ બોલા અહમદ તિનુબુ, બોત્સ્વાનાના રાષ્ટ્રપતિ દુમા ગિબન બોકો, સર્બિયાના રાષ્ટ્રપતિ એલેક્ઝાન્ડર વુસિક, ડોમિનિકાના વડાપ્રધાન રૂઝવેલ્ટ સ્કેરિટે મોદીને અભિનંદન આપ્યા હતા.

## દિલ્હીમાં વિપક્ષનો...

ભારે સંખ્યામાં સુરક્ષા દળો તૈનાત કરવામાં આવ્યા હતા. પોલીસે સૌથી પહેલા રાહુલ ગાંધીને બળજબરીપૂર્વક ઊંચકીને પોલીસ બસમાં બેસાડ્યા હતા. આ દરમિયાન કોંગ્રેસના કેટલાક નેતાઓ બસની છત પર ચડી ગયા હતા જ્યારે મુમતાઝ પટેલ બસના બોનેટ પર બેસી ગયા હતા. ત્યારબાદ મહિલા પોલીસ કર્મચારીઓએ પ્રિયંકા ગાંધી અને અન્ય મહિલા નેતાઓને રસ્તા પરથી ઢસડીને બળજબરીપૂર્વક બસોમાં બેસાડી દીધા હતા. પ્રિયંકા ગાંધીએ આક્ષેપ કર્યો હતો કે પોલીસે તેમની સાથે ધક્કામુક્કી કરી હતી અને નેતાઓને જમીન પર ફેંકી દીધા હતા.

તમામ નેતાઓને અલગ-અલગ પોલીસ સ્ટેશનોએ લઈ જવામાં આવ્યા હતા. રાહુલ ગાંધીને બારાખંભા રોડ પોલીસ સ્ટેશને જ્યારે પ્રિયંકા ગાંધીને છત્રસાલ સ્ટેડિયમમાં રાખવામાં આવ્યા હતા.

## જ્યાં સુધી...

પવિત્ર વસ્તુ એટલે કે બંધારણ અને જનતાના અવાજની રક્ષા કરવા માટેની છે. નરેન્દ્ર મોદી અને અમિત શાહ ગમે તેટલા પ્રયાસો કરી લે, પણ તેઓ આપણને રોકી શકશે નહીં. રાહુલ ગાંધીએ વધુમાં ઉમેર્યું હતું કે, 'વડા પ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ, મોહન ભાગવત અને જ્ઞાનેશ કુમાર ગમે તેટલા દબાણ લાવવાના પ્રયાસો કરે, પરંતુ હું ગેરંટી આપું છું કે આ ચારેય લોકોને કાયદાના કટેડામાં લાવવામાં આવશે.

## ભાજપનો રાહુલ...

ગણાવ્યું હતું અને વિપક્ષના નેતા તરીકે રાહુલ ગાંધી પાસેથી માફીની માગ કરી હતી. જોકે, ભાજપના આ આરોપો સામે કોંગ્રેસ તરફથી તાત્કાલિક કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી ન હતી.

## USમાં ભણ્યા...

વર્ષ અને એસટીઈએમ (સાયન્સ, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ, મેથ્સ) ક્ષેત્રના વિદ્યાર્થીઓને વધુ 2 વર્ષ કામ કરવાની છૂટ મળે છે.

## મુખ્ય ચૂંટણી...

વ્યાપક સુધારા કરવામાં નહીં આવે ત્યાં સુધી આ આંદોલન સતત ચાલુ રહેશે. આ લડાઈને લોકશાહીના રક્ષકો અને ભાજપ વચ્ચેનો સીધો મુકાબલો ગણાવીને તેમણે ઈન્ડિયા ગઠબંધનના સાંસદો દ્વારા યોજાયેલા માર્ચને પૂર્ણ સમર્થન આપ્યું હતું.

## સીજેપીના આંદોલન...

છે. તેમ અધિકારીઓએ બુધવારે જણાવ્યું હતું. ફેસ રેકગ્નિશન સિસ્ટમ (એફઆરએસ) દ્વારા કથિત ફોજદારી પૃષ્ઠભૂમિ ધરાવતા તરીકે ઓળખવામાં આવેલા આશરે 2,800 લોકો પર નજર રાખવા અને તેમાંથી કોઈ સૂચિત દેખાવ માટે નવી દિલ્હી જિલ્લા તરફ જઈ રહ્યું છે કે નહીં તેની ખાતરી કરવા માટે સમગ્ર શહેરના સ્ટેશન હાઉસ ઓફિસર (એસએચઓ)ને સૂચના આપવામાં આવી છે.

## દિલ્હી ડાયરી...

યોજવાના મુદ્દે' મુખ્ય ન્યાયાધીશ (સીજેઆઈ) સૂર્યકાંત અને સર્વોચ્ચ અદાલતના અન્ય ન્યાયાધીશો સાથે 'અનૌપચારિક ચર્ચા' સહિતની 'સ્થાનિક અભ્યાસ મુલાકાત' માટે સુપ્રીમ કોર્ટની મુલાકાતે જવાની હતી. પ્રસ્તાવિત બેઠક અંગેનો વિવાદ ગયા અઠવાડિયે ત્યારે સર્જાયો જ્યારે રાજ્યસભાના સાંસદ કપિલ સિબ્બલે 1 ઓક્ટોબરે એક પ્રેસ-કોન્ફરન્સને સંબોધિત કરી હતી, જેમાં તેમણે આ બેઠકને 'ગેરબંધારણીય' ગણાવી હતી કારણ કે જેપીસી દ્વારા ચર્ચા કરવામાં આવી રહેલું વિધેયક ભવિષ્યમાં ન્યાયિક સમીક્ષા માટે કોર્ટ સમક્ષ આવી શકે છે.

**IIT પ્રવેશમાં મહિલાઓની સ્થિતિ**

ઓછી નોંધણી હોવા છતાં 2026માં જેઈઈ-આડવાન્સ્ડમાં મહિલાઓની સફળતાનો દર રેકોર્ડ ઉચ્ચ સ્તરે પહોંચ્યો હતો, આ સમયગાળા દરમિયાન પહેલીવાર 10,000થી વધુ મહિલાઓએ ક્વોલિફાય કર્યું હતું. છતાં આઈઆઈટી સીટ ફાળવણીમાં તેમનો હિસ્સો માંડ બદલાઈને 20.15 ટકાથી 20.22 ટકા થયો છે. ટોચના 100 રેન્કર્સમાંથી, 97ને માત્ર ત્રણ આઈઆઈટી (બોમ્બે, દિલ્હી અને મદ્રાસ)માં સીટો ફાળવવામાં આવી હતી - જેમાં એકલા બોમ્બેએ 68 ઉમેદવારો લીધા હતા.

# ટાટા ઉદ્યોગ સમૂહની લડાઈ ટાટા સન્સના લિસ્ટિંગ પર અટકી છે




ટાટા ઉદ્યોગ જૂથની સ્થાપના થઈ ત્યારથી તેના વહીવટદારો તેને એક કૌટુંબિક જાગીરની જેમ ચલાવતા આવ્યા છે. જો કે ટાટા જૂથની કંપનીઓ શેર બજારમાં લિસ્ટેડ હોવાથી તે જાહેર જનતા પાસેથી મૂડી પણ એકઠી કરીને તેના થકી નફો કમાઈ રહી છે. ટાટા જૂથની કંપનીઓ શેર બજારમાં લિસ્ટેડ હોવા છતાં તેની હોલ્ડિંગ કંપની ટાટા સન્સ શેર બજારમાં લિસ્ટેડ નથી, જેને કારણે તેનો કન્ટ્રોલ ટાટા પરિવારના હાથમાં રહ્યો છે. હવે ભારતના કાયદાની પરિસ્થિતિ એવી પેદા થઈ છે કે ટાટા સન્સનું લિસ્ટિંગ કરાવવું અનિવાર્ય બની ગયું છે. જો ટાટા સન્સનું લિસ્ટિંગ થાય તો તેનો કન્ટ્રોલ ટાટા પરિવારના હાથમાંથી છૂટી જાય, માટે ટાટા સન્સના ચેરમેન નોએલ ટાટા તેનો વિરોધ કરી રહ્યા છે, પણ કંપનીના અન્ય ડિરેક્ટરો લિસ્ટિંગના પક્ષમાં જણાય છે. આ કારણે ટાટા સન્સના કેટલાક ડિરેક્ટરો અને ટાટા સન્સના ચેરમેન નોએલ ટાટા વચ્ચેનું યુદ્ધ ઉગ્ર બની રહ્યું છે.

ટાટા ટ્રસ્ટના ચેરમેન નોએલ ટાટાએ સૂચન કર્યું છે કે ટાટા સન્સે તેની હોલ્ડિંગ કંપનીને લિસ્ટ કરવાને બદલે તેનું પુનર્ગઠન કરવાના વિકલ્પો પર વિચાર કરવો જોઈએ. આમાં રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (RBI) ની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે કંપનીને ઘણા ભાગોમાં વિભાજીત કરવાનો સમાવેશ થઈ શકે છે. ટાટા સન્સના સૌથી મોટા શેરધારકો ટાટાનાં ટ્રસ્ટો છે. તેઓ માને છે કે હોલ્ડિંગ કંપની અનલિસ્ટેડ રહેવી જોઈએ અને તેઓ RBI ની જરૂરિયાતો પૂરી કરવાના વિકલ્પો પર વિચાર કરી રહ્યા છે. ૧૭ સપ્ટેમ્બરની બોર્ડ મીટિંગમાં નોએલ ટાટા અને ટાટા સન્સના બાકીના સભ્યો વચ્ચે તીવ્ર મતભેદો બહાર આવ્યા હતા. બાકીના સભ્યોએ એન. ચંદ્રશેખરનને ચેરમેન તરીકે ફરીથી નિયુક્ત કરવા અને લિસ્ટિંગ પ્રક્રિયા શરૂ કરવા માટે મતદાન કર્યું હતું. નોએલ ટાટાએ આ બંને પગલાંનો વિરોધ કર્યો હતો. RBIએ ટાટા સન્સને નોન-બેંકિંગ ફાઇનાન્સ કંપની (NBFC) તરીકે વર્ગીકૃત કરી છે, જેના કારણે તેને કડક નિયમોનો સામનો કરવો પડશે. ટાટા સન્સ આ વર્ગીકરણનાં પરિણામો પર વિચાર કરી રહી છે. RBIના નિર્દેશ સંબંધિત દરખાસ્ત પર કોઈ મતદાન થયું નથી. જો કે બેઠકમાં આ બાબતની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. નોએલ ટાટાએ સૂચન કર્યું હતું કે બંને પક્ષોએ આ બાબતની તપાસ કરવા માટે એક ટીમ બનાવવી જોઈએ. આ સમગ્ર ઘટના સપ્ટેમ્બર ૨૦૨૨ માં શરૂ થઈ હતી, જ્યારે RBI એ ટાટા સન્સને ઉચ્ચ સ્તરીય NBFC અને મુખ્ય રોકાણકાર કંપની તરીકે નિયુક્ત કરી હતી. ઉચ્ચ સ્તરીય NBFCs એવી કંપનીઓ છે જેમની સંપત્તિ ૧,૦૦૦ અબજ રૂપિયાથી વધુ હોય છે અને તેઓને દેશના નાણાંકીય માળખાં માટે મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે.

RBIના નિયમો અનુસાર આવી કંપનીઓને ત્રણ વર્ષની અંદર સ્ટોક એક્સચેન્જમાં લિસ્ટિંગ કરાવવું જરૂરી છે. એવું નથી કે ટાટા સન્સ બોર્ડ ઓફ ડિરેક્ટર્સ શરૂઆતથી જ RBI નિયમોનું પાલન કરવાના પક્ષમાં હતું. શક્ય હોય ત્યાં સુધી તેમને મુલતવી રાખવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. કંપનીએ NBFC શ્રેણીમાંથી બહાર નીકળવા માટે ૨૦૨૪ માં તેનું દેવું ચૂકવીને CIS નોંધણી છોડી દેવાનો પણ પ્રયાસ કર્યો હતો, પરંતુ RBI એ ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ તે અરજી ફગાવી દીધી હતી. આરબીઆઈની દલીલ એવી છે કે ટાટા ગ્રુપની લિસ્ટેડ કંપનીઓ બજારમાંથી જાહેર ભંડોળ એકત્ર કરે છે અને તેમાંથી કેટલીક કંપનીઓ ટાટા સન્સમાં પણ હિસ્સો ધરાવે છે. આમ હોલ્ડિંગ કંપનીને જાહેર ભંડોળની પરોક્ષ એક્સેસ મળે છે. તેથી ટાટા સન્સ પર પણ નજીકથી અને કાળજીપૂર્વક દેખરેખ રાખવી જોઈએ.

ટાટા સ્ટીલ, ટાટા કેમિકલ્સ અને ટાટા પાવર જેવી લિસ્ટેડ કંપનીઓ ટાટા સન્સમાં હિસ્સો ધરાવે છે. નિષ્ણાતો અપેક્ષા રાખે છે કે લિસ્ટિંગ પછી તેમના બજાર મૂલ્ય પર સકારાત્મક અસર પડશે. એકંદરે આ બધી કંપનીઓના મૂલ્યાંકનમાં વધારો થશે. વધુમાં સ્વતંત્ર

■ સંજય વોરા ■

ડિરેક્ટરોનો સમાવેશ કરવાથી તથા સેબીના નિયમો અનુસાર જાહેરાતો અને બજારના નિયમોનું પાલન કરવાથી સમગ્ર ટાટા ઉદ્યોગ જૂથમાં વહીવટમાં વધુ સુધારો થશે. ટાટા સન્સ સેમિકન્ડક્ટર અથવા એર ઇન્ડિયા જેવા મોટા પ્રોજેક્ટો માટે બજારમાંથી મૂડી એકત્ર કરી શકશે. એવું વ્યાપકપણે માનવામાં આવે છે કે ટાટા સન્સના લિસ્ટિંગથી બજાર અને રોકાણકારો બંનેને સીધો ફાયદો થશે. લિસ્ટિંગ પછી સામાન્ય રોકાણકારો TCS, ટાટા મોટર્સ અથવા ટાટા સ્ટીલ જેવી ગ્રુપની માતબર કંપનીઓથી આગળ વધીને મુખ્ય હોલ્ડિંગ કંપનીમાં પણ મોટું રોકાણ કરી શકશે.

નોએલ ટાટા અને ટાટા ટ્રસ્ટો દ્વારા લિસ્ટિંગના વિરોધ પાછળની સૌથી મોટી દલીલ એ છે કે તેઓ ટાટા સન્સમાં લગભગ ૬૬ ટકા હિસ્સો ધરાવે છે અને હાલમાં તેની કામગીરી પર તેમનો મહત્તમ અંકુશ છે. ટાટા સન્સના લિસ્ટિંગ પછી, બજાર નિયમનકારના મતે નોંધપાત્ર ફરક પડશે. ટાટા સન્સને બજારમાં લોન્ચ કર્યા પછી ત્રિમાસિક પરિણામો પર દબાણ આવશે, જેના કારણે લાંબા ગાળાની રોકાણ યોજનાઓનો અમલ કરવો મુશ્કેલ બનશે.

જેમ જેમ ટાટા સન્સ પર ટાટાનાં ટ્રસ્ટોનું નિયંત્રણ નબળું પડશે તેમ તેમ બીજી કંપનીઓ દ્વારા ટાટા જૂથની કંપનીઓના અનિચ્છનીય સંપાદનનું જોખમ વધશે. નોએલ ટાટા કહે છે કે આનાથી ટાટા સન્સનું સદી જૂનું સ્વરૂપ બદલાઈ જશે. તેમને ડર છે કે લિસ્ટિંગ પછી ટાટા સન્સ તેમના કન્ટ્રોલમાં નહીં રહે.

નિષ્ણાતો કહે છે કે ટાટા ગ્રુપ ટાટા સન્સનું લિસ્ટિંગ અટકાવવા તેનું વિવિધ રીતે પુનર્ગઠન કરી શકે છે. આમાં ડિમર્જર, પેટા કંપનીમાં સંપત્તિનું ટ્રાન્સફર, મર્જર અથવા વ્યાપક વ્યવસ્થા યોજનાનો સમાવેશ થાય છે. ટાટા સન્સના મોટા કદને જોતાં નિષ્ણાતો માને છે કે આવી કોઈ પણ પ્રક્રિયા નોંધપાત્ર રીતે RBI નિયમનકારી, વ્યાપારી અને કરવેરાના પ્રશ્નોનો સામનો કરી શકે છે. ટાટા સન્સ ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, ટાટા મોટર્સ, ટાટા સ્ટીલ, ટાટા કેપિટલ, ટાટા કોમ્યુનિકેશન્સ, ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ, ટાટા ઇન્વેસ્ટમેન્ટ કોર્પોરેશન, એર ઇન્ડિયા, ટાટા ડિજિટલ, ટાટા ઇલેક્ટ્રોનિક્સ અને અગ્રાટાસ સહિત વિવિધ ટાટા ગ્રુપ વ્યવસાયો ધરાવે છે.

ટાટા ગ્રુપની હોલ્ડિંગ કંપની ટાટા સન્સના સંભવિત લિસ્ટિંગ અંગે ટાટાનાં ટ્રસ્ટોમાં મતભેદો વધુ ઘેરા બની રહ્યા હોય તેવું લાગે છે. સર દોરાબજી ટાટા ટ્રસ્ટ (SDTT) ના વરિષ્ઠ ટ્રસ્ટીઓએ સાથી ટ્રસ્ટીઓ વેણુ શ્રીનિવાસન અને વિજય સિંહ પર બોર્ડના ઠરાવોને અવગણવાનો અને તેમની વિશ્વાસપાત્ર ફરજોનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવ્યો છે. આ આરોપો નોએલ એન. ટાટા, ડેરિયસ જે. ખંભટ્ટા, નેવિલ ટાટા અને ભાસ્કર ભટ દ્વારા હસ્તાક્ષર કરાયેલા પત્રમાં કરવામાં આવ્યા છે. આ ઘટનાક્રમ ટાટા સન્સના માલિકી માળખા અને લિસ્ટિંગ સ્થિતિ અંગે ટાટા ટ્રસ્ટમાં વધતા મતભેદોને પ્રતિબિંબિત કરે છે. પત્રમાં જણાવાયું છે કે ટાટા સન્સનો અનલિસ્ટેડ દરજ્જો જાળવી રાખવો એ ટાટા ટ્રસ્ટ અને કંપની બંનેની લાંબા સમયથી સ્થાપિત નીતિ રહી છે. માર્ચ ૨૦૨૪ માં ટાટા સન્સ બોર્ડે સર્વસંમતિથી કંપનીને અનલિસ્ટેડ રાખવાનો નિર્ણય લીધો હતો. સર દોરાબજી ટાટા ટ્રસ્ટ અને સર રતન ટાટા ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ પણ સર્વસંમતિથી આ વલણને પુનરાવર્તિત કર્યું અને તેઓ આ મુદ્દા પર RBI સાથે વાતચીત ચાલુ રાખવા સંમત થયા હતા.

ટાટા ટ્રસ્ટના વરિષ્ઠ ટ્રસ્ટીઓએ ૨૮ સપ્ટેમ્બરના રોજ રજૂ કરાયેલા પ્રસ્તાવનો પણ ઉલ્લેખ કર્યો હતો, જેમાં ટાટા ઇલેક્ટ્રોનિક્સ સિસ્ટમ્સ સોલ્યુશન્સ પ્રાઇવેટ લિમિટેડ અને ટાટા કન્સલ્ટિંગ એન્જિનિયર્સનું ટાટા સન્સ સાથે વિલીનીકરણ કરવાનું સૂચવવામાં આવ્યું હતું. આને લિસ્ટિંગથી બચવાના સંભવિત વિકલ્પોમાંથી એક માનવામાં આવતું હતું, જે કંપનીને જાહેર લિસ્ટિંગનો આશરો લીધા વિના RBIના નોન-બેંકિંગ ફાઇનાન્શિયલ કંપની (NBFC) નાં ધોરણોને પૂર્ણ કરવામાં મદદ કરી શકે છે.

રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે ટાટા સન્સ બોર્ડે ટાટાનાં ટ્રસ્ટોને ફક્ત લિસ્ટિંગના વિકલ્પ પર વિચાર કરવાને બદલે તમામ ઉપલબ્ધ વિકલ્પોની તપાસ કરવા કહ્યું હતું. ટ્રસ્ટીઓએ જણાવ્યું હતું કે તેઓએ ટાટા સન્સ બોર્ડની અપેક્ષાઓનું પાલન કર્યું છે અને જાહેર લિસ્ટિંગ ઉપરાંતના સંભવિત માર્ગો શોધ્યા છે. ટાટા ટ્રસ્ટો દ્વારા ટાટા સન્સના લિસ્ટિંગને રોકવા માટે જે કોઈ માર્ગો અપનાવવામાં આવે તેમાં RBIની મંજૂરી જરૂરી રહેશે. સરવાળે ટાટા સન્સના લિસ્ટિંગનો સમગ્ર મામલો સરકારના વલણ પર અવલંબિત રહેશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**નોએલ ટાટા દ્વારા લિસ્ટિંગના વિરોધ પાછળની સૌથી મોટી દલીલ એ છે કે તેઓ ટાટા સન્સમાં લગભગ ૬૬ ટકા હિસ્સો ધરાવે છે અને હાલમાં તેની કામગીરી પર તેમનો મહત્તમ અંકુશ છે**


### જાહેર હરાજી

મગોદ મહા ફ. પ્રા. શાળા તા. જિ. વલસાડના 2 (બે) ઓરડાના કાટમાળની હરાજી તા. 16/10/2026 ને શુક્રવારના રોજ સવારે 10:00 કલાકે રાખવામાં આવેલ છે. હરાજીમાં ભાગ લેનાર ઇસમોએ રૂ. 5000/- ( અંકે રૂપિયા પાંચ હજાર પૂરા) ડિપોઝીટ જમા કરાવી ભાગ લેવાનો રહેશે. હરાજીની શરતો સ્થળ પર જણાવવામાં આવશે. જાહેર હરાજી મંજૂર, નામંજૂર કરવાની તમામ સત્તા શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC) મગોદ સુરવાડા કેન્દ્ર શાળાની રહેશે.

હરાજી તા. - 16/10/2026
સમય - સવારે 10:00 કલાકે

મગોદ સુરવાડા કેન્દ્ર શાળા
તા. જિ. વલસાડ
SMC અધ્યક્ષશ્રી તથા સભ્યશ્રી

નં. માહિતી/વલસાડ/૪૫૮/૨૦૨૬

### SURAT MUNICIPAL CORPORATION
BRIDGE CELL
E-TENDER NOTICE (ON LINE)
NO. ACE & I/C CE/BRIDGE/05/2026-27

Tenders are invited for various works online https://smctender.nprocure.com from Government approved contractors with following schedule.

| Name of the Department | Bridge Cell |
|---|---|
| No. of Work | 04 |
| Total Estimated cost of Tender | Rs. 1,36,58,992.47 |

Visit us at www.suratmunicipal.gov.in

Add. City Engineer (Civil)
& I/C City Engineer
Surat Municipal Corporation

No. P.R.O./277/2026-27
Date. 07/10/2026

### ધરમપુર નગરપાલિકા
### જાહેર નિવિદા નંબર : ૨૪/૨૦૨૬ - ૨૦૨૭

આથી રસ ધરાવતા ઈસમોને જણાવવામાં આવે છે કે, ધરમપુર નગરપાલિકા વિસ્તારમાં ટ્રાફિક વ્યવસથા સુચારૂ રહે તેમજ જાહેર માર્ગો ઉપર વાહન વ્યવહારને અડચણ ન થાય તે હેતુસર ટ્રાફિક બેરીકેડ ખરીદ કરવાના થાય છે. જેના તમામ ટેક્ષ સહીતના ભાવ આપના લેટર પેડ ઉપર સીલબંધ કવરમાં રજીસ્ટરએડી / કુરીયર થી જાહેરાત પ્રસિધ્ધ થયાના દિન - ૦૭ માં મોકલવા તથા ધરમપુર નગરપાલિકાના નામનો રૂા. ૫૦૦૦/- નો ડિમાન્ડ ડ્રાફ્ટ મોકલવાના રહેશે તથા નગરપાલિકાના સંકલનમાં રહી તમામ કામગીરી કરવાની રહેશે. વધુ વિગત માટે ધરમપુર નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો. ભાવો મંજુર યા નામંજુર કરવાનો અધિકાર ધરમપુર નગરપાલિકાને અબાધિત રહેશે. (કવર ઉપર કામનું નામ અવશ્ય લખવાનું રહેશે.)
૧. ટ્રાફિક બેરીકેડ ૧ (એક) નંગનો ભાવ

ચીફ ઓફિસર, ધરમપુર નગરપાલિકા — પ્રમુખ, ધરમપુર નગરપાલિકા
ન. માહિતી/વલસાડ/૪૫૯/૨૦૨૬

### ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ, સુરત વિભાગ સુરત.
### એપ્રેન્ટીસો જોઈએ છે.

એપ્રેન્ટીસ એક્ટ ૧૯૬૧ (સુધારેલ) અન્વયે નીચે જણાવેલ ટ્રેડમાં એપ્રેન્ટીસોની તાલીમાર્થી તરીકે ભરતી કરવાની છે.
એપ્રેન્ટીસ ટ્રેડનું નામઃ- (૧) મીકેનીક(મો.વ્હીકલ, M.M.V.) (૨) મીકેનીક(ડીઝલ) (3)વાયરમેન (૪)કોમ્પ્યુટર (કોપા) (૫) ફિટર (૬)વેલ્ડર (૭) ઓટો.ઇલેક્ટ્રીશીયન.

ઉપરોક્ત તમામ ટ્રેડમાં એન.સી.વી.ટી.(NCVT) જી.સી.વી.ટી (GCVT) પ્રમાણપત્ર હોવું જરૂરી છે. વય મર્યાદા તમામ ટ્રેડ માટે ૧૮ થી ૪૫ વર્ષ તા.૩૦-૦૯-૨૦૨૬ ના રોજની ઉંમર ગણતરીમાં લેવામાં આવશે. તાલીમની મુદત તમામ ટ્રેડો માટે એક વર્ષની રહેશે. માસીક સ્ટાઇપેન્ડ નિયમ મુજબ આપવામાં આવશે. સદર ટ્રેડોમાં એન.સી.વી.ટી./જી.સી.વી.ટી. (NCVT/GCVT) પ્રમાણપત્ર ધરાવતા હોય તેવા ઉમેદવારોએ www.apprenticeshipindia.gov.in વેબસાઇટ પર રજીસ્ટ્રેશન કરી હાર્ડ કોપી મેળવી એસ.ટી.વિભાગીય કચેરી, અડાજણ બસપોર્ટ સુરત. ખાતેથી નિયત કરેલ અરજી પત્રકો રૂા.૦૫/-ની કિંમતે તારીખ ૧૨-૧૦-૨૦૨૬થી તારીખ.૨૩-૧૦-૨૦૨૬ દરમ્યાન અત્રેની કચેરીના કામકાજના દિવસોમાં ૧૧:૦૦ થી ૧૪:૦૦ કલાક સુધીમાં મળી શકશે. તેમજ એપ્રેન્ટીસ બાબતે ઓનલાઇન રજીસ્ટ્રેશન કરાવી રજીસ્ટ્રેશન નંબર મેળવેલ હોય જે હાર્ડ કોપી રજુ કર્યેથી અત્રેથી અરજી પત્રક આપવામાં આવશે. વધુમાં તમામ પ્રમાણપત્રોની પ્રમાણીત કરાવેલ નકલો સહીત અરજી પત્રકોનું રજીસ્ટ્રેશન મોડામાં મોડું તારીખ ૨૩-૧૦-૨૦૨૬ સુધીમાં કરવામાં આવશે.
કોમ્પ્યુટર (કોપા) ટ્રેડમાં એપ્રેન્ટીસની તાલીમાર્થી તરીકે ધોરણ ૧૨ પાસ હોવુ ફરજીયાત રહેશે.
આ બાબતે ખાસ નોંધ લેવી કે, એપ્રેન્ટીસ તરીકે જે તે ટ્રેડમાં આ અગાઉ તાલીમ લીધેલ હોય તેવા ઉમેદવારોએ ફરીથી ઉમેદવારી નોંધાવવી નહીં.

વિભાગીય નિયામક
એસ. ટી. સુરત.
ક્રમાંક . માહિતી-સુરત/૭૨૦/૨૦૨૬

### જાહેર હરાજી

અટાર પ્રા. શા. તા.જિ.વલસાડના 1(એક) ઓરડાના કાટમાળ ની હરાજી તા.15/10/2026 ને ગુરુવારના રોજ 2.00 કલાકે રાખવામાં આવેલ છે. હરાજીમાં ભાગ લેનાર ઇસમોએ રૂ. 5000/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ડિપોઝીટ જમા કરાવી ભાગ લેવાનો રહેશે. હરાજીની શરતો સ્થળ પર જણાવવામાં આવશે. જાહેર હરાજી મંજૂર, નામંજૂર કરવાની તમામ સત્તા શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC) અટાર પ્રા. શા.ની રહેશે.

હરાજી તા. 15/10/2026 — અટાર પ્રા.શાળા તા.જિ.વલસાડ
સમયઃ બપોરે 2.00કલાકે — SMC અધ્યક્ષશ્રી તથા સભ્યશ્રીઓ
ન. માહિતી/વલસાડ/૪૫૬/૨૦૨૬

### ઓન લાઇન ટેન્ડરીંગ માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત સરકાર
### જાહેર નિવિદા નં - ૨૨ (રીઇનવાઇટ) સને ૨૦૨૬-૨૭

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના વતી કાર્યપાલક ઇજનેરશ્રી, રાજપીપળા (મા.મ) વિભાગ, રાજપીપળા જિ. નર્મદા ફોન નં ૦૨૬૪૦-૨૨૨૯૩૯ દ્વારા ૦૧ ક્વાટર્સ રિપેરીંગ લગતા ના કામ માટે યોગ્ય શ્રેણીમાં નોંધણી તથા યોગ્ય લાયકાત ધરાવતા ઇજારદારો પાસેથી સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ઓન લાઇન ટેન્ડર માંગવામાં આવેલ છે. જેની અંદાજીત કિંમત ૫.૦૪ લાખ છે.
ઉપરોક્ત કામના ટેન્ડર ડોક્યુમેન્ટ વેબસાઇટ https://tender.nprocure.com ઉપર તા.૧૪/૧૦/૨૬ સુધી ઉપલબ્ધ રહેશે તથા માહિતી વિભાગ સાઇટ www.statetenders.com ઉપર જોવા મળશે. નિવિદામાં થનાર ફેરફાર વેબસાઇટ પર જોવા મળશે.
માહિતી/નર્મદા/૩૧૧/૨૦૨૬-૨૭

### ઉગત - નાવાપરાજુથ ગ્રામપંચાયત
તા.જી.નવસારી, પિન ૩૯૬૪૬૯

### જાહેર નિવિદા

આથી જર્જરીત જુના મકાનો તોડનાર તથા ભંગાર ની વસ્તુઓ ખરીદનારાઓ ને ઉગત - નવાપરા જૂથ ગ્રામપંચાયત તરફથી સુચન કરવામાં આવે છે કે હાલ ઉગત ગામે ગ્રાજુની/ જર્જરીત ગ્રામ સેવકનું મકાન તોડીને તેનું કાટમાળ સહિતની નકારતી સામાગ્રી લઇ જવા માટેની જાહેર હરાજી તા.13/10/2026 ના રોજ બપોરના 12.00 કલાકે ઉગત-નવાપરા જૂથ ગ્રામ પંચાયત કચેરી મુકામે રાખવામાં આવેલી છે.અનામત રકમ રુપિયા 200/- (બસ્સો પુરા) સ્થળ પર હરાજીના સમય પહેલા જમા કરાવવાના રહેશે,જે અનામત રકમ પરત મળવા પાત્ર રહેશે નહીં.તો રસ ધરાવનાર ઠેકેદારો એ તારીખ,સમય ,સ્થળ ખાતે સમયસર હાજર રહેવા જણાવવામાં આવે છે, હરાજી ની શરતો અને બોલીઓ જે તે દિવસે સ્થળ પર વાંચી સંભાળવામાં આવશે.
માહિતી/નવસારી/૩૫૬/૨૦૨૬

### વડોદરા મહાનગરપાલિકા
www.vmc.gov.in
ઈ- ટેન્ડરીંગ જાહેરાત

વડોદરા મહાનગરપાલિકામાં યોગ્ય વિભાગ તેમજ યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઇજારદારો પાસેથી તથા સરકારી/અર્ધસરકારી સંસ્થાના નોંધાયેલા અનુભવી ઇજારદારો પાસેથી નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ભાવપત્રો મંગાવવામાં આવે છે.

| અ.નં. | પી.આર.ઓ. નંબર | વિભાગનું નામ | કામની સંખ્યા | અંદાજિત રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૪૬૮/૨૬-૨૭ | એફોર્ડેબલ હાઉસિંગ સેલ | 03 | ૩૧,૩૬,૭૧,૩૦૪/- |
| ૨ | ૪૭૨/૨૬-૨૭ | યુ.સી.ડી.પ્રોજેક્ટ | ૦૮ | ૩,૫૮,૮૬,૭૨૮/- |

ઉપરોક્ત કામના ટેન્ડર ફોર્મ તથા વિસ્તૃત માહિતી જે તે સંબંધિત વિભાગમાંથી ઉપરોક્ત સૂચિત વેબસાઇટ પરથી મળી રહેશે. કોઇપણ ભાવપત્ર મંજૂર/નામંજૂર કરવાની અબાધિત સત્તા મ્યુનિસિપલ કમિશનરશ્રીની રહેશે.
પી.આર.ઓ.નં.૪૭૬/૨૦૨૬-૨૭ — જનસંપર્ક વિભાગ દ્વારા પ્રકાશિત

### ભરૂચ અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળ, ભરૂચ
જુની કલેક્ટર કચેરી, કણબીવગા, ભરૂચ
ફોન નં.(૦૨૬૪૨) ૨૨૨૦૭૫ / ૨૨૨૦૭૩
Email : ceo.bauda@gmail.com

ટેંડર નોટિસ ન.૦૨ — વર્ષ:-૨૦૨૬-૨૭

ભરુચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા બૌડા વિસ્તારમા Providing Street Light From Shrawan chokadi to Gail Township at Bharuch. કામો માટે ના માટે માન્ય ઇજારદારો પાસેથી ઓનલાઇન ઇ-ટેન્ડરીંગ પધ્ધતિથી ટેન્ડરો મંગાવવામા આવે છે.કામોની નોટિસ http://tender.nprocure.com અને www.statetenders.gujarat.gov.in વેબસાઇટ ઉપર ઓનલાઇન તા. ૦૯/૧૦/૨૦૨૬ થી તા. ૨૩/૧૦/૨૦૨૬ ૧૮.૦૦ કલાક સુધી જોવા મળશે. સદર કામ માટે ઓનલાઇન સબમિશનની છેલ્લી તારીખથી તા.૦૨/૧૧/૨૦૨૬ ૧૮.૦૦ કલાક સુધી ટેન્ડર ફી તથા ઇ.એમ.ડી. તેમજ અન્ય ફિજીકલ ડોક્યુમેન્ટ ઓફલાઇન ફક્ત આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટ મારફતે રજુ કરવાના રહેશે અને તમામ દસ્તાવેજો સ્કેન કરી ઓનલાઇન અપલોડ કરવાના ફરજીયાત રહેશે.આ અંગેની વધુ માહિતી કચેરી કામકાજના સમય દરમિયાન રુબરુ સમ્પર્ક સાધવાથી મળી શકશે, સરકારશ્રીના પ્રવર્તમાન નવા પરીપત્રો/નિયમો અન્વયે દસ્તાવેજો રજુ કરવાના રહેશે.

| | |
|---|---|
| ટેન્ડર અપલોડ કરવાની તારીખ | તા. ૦૯/૧૦/૨૦૨૬ થી તા. ૨૩/૧૦/૨૦૨૬ ૧૮.૦૦ કલાક સુધી |
| કામની રકમ | ૨૨.૦૬.૮૮૪.૦૦/- |
| ટેન્ડર ફી ની રકમ | ૧૫૦૦.૦૦/- |
| ઇ.એમ.ડી. ની રકમ | ૨૩.૦૦૦.૦૦/- |
| ટેન્ડર ફી, ઇ.એમ.ડી. તેમજ ફિજીકલ ડોક્યુમેંટ મોકલવાની છેલ્લી તારીખ. (by R.P.A.D. only/speed post only) | તા.૦૨/૧૧/૨૦૨૬ ૧૮.૦૦ કલાક સુધી. |
| ટેન્ડર ખોલવાની તારીખ | ૦૩/૧૧/૨૦૨૬.(શક્ય હશે તો) |

(૧).સમય અવધિ પુર્ણ થયા પછી આવેલ ફિજીકલ ડોક્યુમેન્ટ ધ્યાને લેવામા આવશે નહી.
(૨).સદર ટેન્ડરીંગ માટે બૌડાનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

કાર્યપાલક ઇજનેર
ભરુચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળ
ભરુચ.
માહિતી/ભરૂચ/૩૬૯/૨૦૨૬

### વેસ્ટર્ન રેલવે
### મેન્ટેનન્સ વર્ક

સીનિયર ડિવિઝનલ સિગ્નલ એન્ડ ટેલિકોમ એન્જિનિયર (CO), 2જો માળ, ડિવિઝનલ રેલવે મેનેજર્સ ઓફિસ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ- 400 008, ઈ-ટેન્ડર નંઃ MMCT-SnT-STTD-25-2026-R1 તારીખ 01.10.2026 આમંત્રિત કરે છે. કામનું નામઃ મુંબઈ ડિવિઝનઃ 1) તમામ બુકિંગ વિન્ડોના આગળના ભાગને આવરી લેવા માટે LED આધારિત ડિજિટલ ડિસ્પ્લેની જોગવાઈ 2) 1 વર્ષની વોરંટી પછી 06 વર્ષના કોમ્પ્રીહેન્સિવ એન્યુઅલ મેન્ટેનન્સ કોન્ટ્રાક્ટ (CAMC) સાથે મુખ્ય સ્ટેશનો માટે આઉટ ડોર પેસેન્જર ઈન્ફર્મેશન ડિસ્પ્લે સિસ્ટમની જોગવાઈ. કામનો ખર્ચઃ રૂા. 14,93,48,893.06. બિડ સિક્યોરિટીઃ રૂા. 29,87,000/-. ઈ-ટેન્ડર દસ્તાવેજો જમા કરાવવાના બંધ થવાની તારીખ અને સમયઃ 23.10.2026ના રોજ 15:00 કલાકે. ઈ-ટેન્ડર ખોલવાની તારીખ અને સમયઃ 23.10.2026ના રોજ 15:30 કલાકે. ટેન્ડર વેબસાઈટ www.ireps.gov.in પર જોઈ શકાય છે. 0669
અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

### નવસારી મહાનગર પાલિકા
https://nmc.gujarat.gov.in/

**નવસારી મહાનગરપાલિકાનાં રખડતા ઢોર અંકુશ વિભાગમાં પકડેલ ઢોરોનાં આરોગ્ય ચેકઅપ કામે વેટરનરી ડોકટર જગ્યા ૦૧ તન હંગામી ધોરણે ૧૧ માસનાં કરાર આધારે ભરવા અંગેની જાહેરાત**

નવસારી મહાનગરપાલિકાનાં રખડતા ઢોર અંકુશ વિભાગ દ્વારા પકડવામાં આવેલ ઢોરોને મહાનગર પાલિકાનાં પાંજરાપોળમાં રાખવામાં આવે છે. પકડેલ ઢોરોનાં આરોગ્યની નિયમીત પણે તપાસ કરવાની કામગીરી અર્થે માન.મ્યુનિસિપલ કમિશ્નર સાહેબશ્રીની મંજુરીથી બીજા પ્રયત્ને નવસારી મહાનગરપાલિકા દ્વારા તદ્દન હંગામી કરાર આધારીત ધોરણે વેટરનરી ડોકટર સંખ્યા ૦૧ જગ્યાની પ્રતીક્ષા યાદી બનાવવા વોક ઇન ઇન્ટરવ્યુ રાખવામાં આવેલ છે. જેમાં ઉમેદવારે પોતાના શૈક્ષણીક લાયકાત / અનુભવ / જન્મ તારીખ અસલ પ્રમાણ પત્રો તેમજ પ્રમાણીત નકલ સાથે નિયત નમુનામાં સ્વ અક્ષરે ભરી ઇન્ટરવ્યુની તારીખ : ૧૩-૧૦-૨૦૨૬ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે નીચે જણાવેલ સરનામે હાજર રહેવાનું રહેશે.

| અ. નં. | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | લાયકાત | ઉચ્ચક માસિક વેતન | ઇન્ટરવ્યુ તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | વેટરનરી ડોકટર | ૧ | બેચલર ડિગ્રી વેટરનરી સાયન્સ અને એનીમ્લ હસ્બન્ડરી (BVSC & AH) કાઇ પણ યુનિવર્સીટી માંથી | રૂ.૫૦,૦૦૦/- | તા. ૧૩-૧૦-૨૦૨૬ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે |

શરતો :-
૧) ઉપરોક્ત તમામ જગ્યાઓ માટે ઉમરનું ધોરણે : ઉમેદવારની ઉમર ૪૦ વર્ષથી વધુ હોવી જોઇએ નહી.
૨) ઉક્ત લાયકાત ધરાવતા ઉમેદવારોએ અરજીનાં નમુના મુજબ સંપુર્ણ વિગતો ભરી ઉક્ત જણાવેલ તારીખે નીચે જણાવેલ સરનામે સમયસર સ્વ ખર્ચે હાજર રહેવાનું રહેશે.
નોંધ :
૧) બપોરે ૦૧.૦૦ કલાક બાદ ઉમેદવારને સદર ઇન્ટરવ્યુ માટે પ્રવેશ આપવામાં આવશે નહી.
૨) અરજીનો નમુના ઉક્ત નવસારી મહાનગરપાલિકાની વેબ સાઇટ ઉપર મળી રહેશે તેમજ ઇન્ટરવ્યુનાં દિવસે અત્રેની કચેરીએ પણ મળી રહેશે.
3) વોક ઇન ઇન્ટરવ્યુનુ સ્થળ :- નવસારી મહાનગરપાલિકા, શાકમાર્કેટ પાસે, દુધિયા તળાવ,નવસારી.

માહિતી/નવસારી/૩૫૫/૨૦૨૬ — ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નર










